રોસ્ટર રજીસ્ટરો પ્રમાણિત કરવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,
પરિપત્ર ક્રમાંકઃ પવટ-૩૧૦૫-૧૧૭- ૨
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ૨૪-૫-૨૦૦૫.

**પ રિ પ ત્ર ::-**

સામાન્ય વહીવટ વિભાગના તા.૮-૩-૯૯ ના ઠરાવ ક્રમાંકઃ પવસ- ૧૬૯૬- ૮૭૮- ગ.૪ તથા તા.૫-૯-૨૦૦૦ ના ઠરાવ ક્રમાંકઃ પવસ- ૧૬૯૬- ૮૭૮- ભા.૨, ગ.૪ થી !!જગા આધારિત રોસ્ટર રજીસ્ટર તૈયાર કરવા સૂચના આપવામાં આવી છે, તથા આ રજીસ્ટરો સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ પાસે એક માસની મુદતમાં પ્રમાણિત કરાવી લેવા પણ સચિવાલયના તમામ વિભાગો, ખાતાના વડાઓ, બોર્ડ, કોર્પોરેશન તથા ગ્રાન્ટ ઇન એઇડ મેળવતી સ્થાનિક સંસ્થાઓને સુચના આપવામાં આવી છે. રોસ્ટર રજીસ્ટરો સાથે રજુ કરવાની વિગતો આ વિભાગના તા.૧૦-૬-૨૦૦૨ ના પરિપત્ર ક્રમાંકઃ પવટ- ૩૧૦૦-૨૪૯-૨ થી તમામ કચેરીઓને પરિપત્રિત કરવામાં આવી છે. આમ છતાં હજુ ધણી કચેરીઓ ધ્વારા રોસ્ટર રજીસ્ટર આ વિભાગ પાસે પ્રમાણિત કરાવવામાં આવેલ નથી. રોસ્ટર રજીસ્ટરોની નિભાવણીની કાળજી સરકારના વિવિધ વિભાગો તેમજ જે તે વિભાગ હસ્તકના ખાતાના વડાની કચેરીઓ, બોર્ડ, કોર્પોરેશન તથા સ્થાનિક સંસ્થાઓમાં યોગ્ય રીતે લેવામાં આવે તે અનિવાર્ય હોવા છતાં આ દિશામાં પરિણામલક્ષી કામગીરી નહી થઇ હોવાનું પ્રથમ દ્રષ્ટિએ ફલીત થાય છે.

આથી સચિવાલયના તમામ વિભાગો, ખાતાના વડા, બોર્ડ, કોર્પોરેશન તથા સ્થાનિક સંસ્થાઓને તેઓ હસ્તકના તમામ સંવર્ગોના રોસ્ટર રજીસ્ટર સામાન્ય વહીવટ વિભાગના તા.૮-૩-૯૯ તથા તા.૫-૯-૨૦૦૦ અને ત્યાર બાદ વખતો વખત પ્રસિધ્ધ થયેલ સૂચનાઓ ધ્યાને લઇ તૈયાર કરવા તથા પ્રથમ જે તે વહીવટી વિભાગના રોસ્ટર સંપર્ક/નોડલ અધિકારી પાસે પ્રમાણિત કરાવ્યા બાદ જ સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ સમક્ષ રજૂ કરીને પ્રમાણિત કરાવવા જણાવવામાં આવે છે.

૨/- રોસ્ટર રજીસ્ટર સાથે રજુ કરવાની તારીજનો નમૂનો આ વિભાગના તા.૧૦-૬-૨૦૦૨ ના પરિપત્રના પરિશિષ્ટ-૩ મુજબ નિયત કરવામાં આવ્યો છે. તેમાં સુધારો કરી હવે આ સાથેના પરિશિષ્ટ-૩ મુજબ તારીજ રજુ કરવાની રહેશે, જેની નોધ લેવા વિનંતી છે.

**૩/- સચિવાલયના સર્વે વિભાગોના રોસ્ટર સંપર્ક અધિકારીને તેઓના વિભાગ હેઠળના ખાતાના વડા, બોર્ડ, કોર્પોરેશન જાહેર સાહસો, વૈધાનિક સંસ્થાઓ, શાળા-મહાશાળાઓ વિશ્વ વિધાલયો, મ્યુનિસિપલ કોર્પોરેશન, મ્યુનિસિપાલીટીઓ તથા સરકારશ્રી તરફથી**

**સહાયક અનુદાન મેળવતી સંસ્થાઓના ધ્યાન પર આ વિગતો લાવવા અને જરુરી કાર્યવાહી પૂર્ણ કરવા આથી જણાવવામાં આવે છે.**

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( દિનેશ પી. કાપડીયા ) ૨૧.૫.૦૫

ઉપ સચિવ,

સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ.

બિડાણ : ઉપર મુજબ.

પ્રતિ,

- સચિવાલયના સર્વે વિભાગો સચિવાલય, ગાંધીનગર (દસ નકલો સાથે) તેમના વિભાગના નિયંત્રણ હેઠળના સર્વે ખાતાના વડાઓ, બોર્ડ, કોર્પોરેશન, યુનિવર્સિટીઓ, મહાનગર પાલિકાઓ, અને નગર પાલિકાઓ તથા સરકારી અનુદાન મેળવણી સંસ્થાઓના ધ્યાન પર લાવવાની વિનંતી સાથે.
- સચિવાલયના સર્વે વિભાગોના રોસ્ટર સંપર્ક અધિકારી અને નાયબ સચિવ(મહેકમ)
- સર્વે કલેકટરશ્રીઓ
- વિભાગના સર્વે ખાતાના વડાઓ/બોર્ડ/કોર્પોરેશન
- સામાન્ય વહીવટ વિભાગ/ગ.૪ શાખા
- સિલેકટ ફાઇલ.

આર.૦૪/૨૧-૫-૦૫ .